# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

## પશુ સ્વાસ્થ્ય કેન્દ્ર કડી અને પામોલ માટે વર્ષ – ૨૦૨૫ મોડલની બોલેરોના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રક્ટ માટેનું ટેન્ડર ફોર્મ

દૂધસાગર ડેરી,

પોસ્ટ બોક્ષ નં-૧, હાઇવે, મહેસાણા -૩૮૪૦૦૨

ટેલીફોન નંબર- ૦૨૭૬૨-૨૫૩૨૦૧/૨૦૫

ટેન્ડર ફોર્મ ભરવાની છેલ્લી તારીખ અને સમય:- તારીખ ૨૮.૦૨.૨૦૨૬ સાંજે ૧૮.૦૦ કલાક સુધી.

DUDHSAGAR DAIRY MEHSANA
MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD.



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

## પશુ સ્વાસ્થ્ય કેન્દ્ર કડી અને પામોલ ખાતેના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ માટે ૨૦૨૫ મોડલ તેમજ સસ્પેન્શર વાળી બોલેરો કોન્ટ્રાક્ટ અંગેનું ટેન્ડર ફોર્મ

કોન્ટ્રાક્ટનો સમયગાળો :- ૦૧.૦૪.૨૦૨૬ થી ૩૧.૦૩.૨૦૨૯

ટેન્ડર ફી રૂ.૧૧૮૦ /-(૧૮% જી.એસ.ટી સાથે નોન રીફંડેબલ)

ટેન્ડર ઈ.એમ.ડી રૂ. ૨૫,૦૦૦/- (ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતાં પરત કરવામાં આવશે.)

(ટેન્ડર સાથે "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ."ના નામના ઉપરોક્ત બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાના રહેશે.)

- ટેન્ડર ફોર્મ ડેરી વેબસાઈટ:-**http:/www.dudhsagardairy.coop/tenders** ઉપરથી તારીખ /સમય :- તા.૧૮.૦૨.૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકે (ડાઉનલોડ) મેળવી શકશો.
- ટેન્ડર ભાવ ભરેલી કોપી દૂધસાગર ડેરી,મહેસાણા ખાતે જમા કરવાની છેલ્લી તારીખ /સમય : તા.૨૮.૦૨.૨૦૨૬ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.

MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. * DUDHSAGAR DAIRY MEHSANA



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

પ્રતિ,

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર સાહેબશ્રી

મહેસાણા જિ.સ.દૂ.ઉ.સંઘ લિ.,

મહેસાણા – ૩૮૪ ૦૦૨

સવિનય જણાવવાનું કે, મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., દૂધસાગર ડેરી – મહેસાણા ને તેના "પશુ સ્વાસ્થ્ય કેન્દ્ર **કડી** અને **પામોલ** માટે ૨૦૨૫ મોડલ અને સસ્પેન્સર વાળી ૦૨ (દરેક સેન્ટર દીઠ ૦૧) બોલેરો ની જરૂરિયાત હોઈ નીચેના ભાવ અને સંઘના નીતિ- નિયમ તેમજ ટેન્ડરની શરતોથી મારી/અમારી માલિકીની બોલેરો (ડ્રાઈવર સાથે) કોન્ટ્રાક્ટમાં મુકવા સહમત છું /છીએ.

## <u>ટ્રાન્સપોર્ટરની માહિતી</u>

ટ્રાન્સપોર્ટનું નામ :– ..........................................................................

ટ્રાન્સપોર્ટરનું નામ :– ..........................................................................

સરનામું :– ..........................................................................

..........................................................................

..........................................................................

પાન કાર્ડ નંબર :– ..........................................................................

મોબાઈલ નંબર :– ..........................................................................

બોલેરો/ નંબર :– ..........................................................................

મોડલ વર્ષ :– ..........................................................................**હાલમાં ફરેલ કી.મી.:-**..............................

પાર્સિંગ કેપેસીટી :– ..........................................

માલિકી : (૧) પોતાની { } (૨) ભાગીદારી : { } લાગુ પડતું ટીક કરવું

ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર તરીકે કામગીરી કરેલ છે? : હા / ના

હા તો સંસ્થા /સ્થળનું નામ :–..........................................................

અનુભવનો સમય :– ..........................

નોધ :- વાહનની રજીસ્ટ્રેશન બુકની નકલ , વીમા પોલીસીની નકલ ,પરમીટ કોપી ,ફીટનેશ સર્ટીફીકેટની નકલ ,પી.યુ.સી. ની નકલ ટેન્ડર સાથે ફરજીયાત જોડવાની રહેશે.



CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. MEHSANA DISTRICT DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

| ભાવપત્રક | | | | |
|---|---|---|---|---|
| અ.નં | સેન્ટર | વાહનોની જરૂરિયાત | પાછળના વર્ષના એવરેજ કિલોમીટર | ૨૦૨૫ ના મોડેલનો ભાવ પ્રતી કિલોમીટર (રૂ.) |
| સ્પેશિઅલ વિઝીટ માટે બોલેરો | | | | |
| ૧ | કડી | ૧ | ૪૦૦૦ | |
| ૨ | પામોલ | ૧ | ૩૫૦૦ | |

નોંધ:

૧. બોલેરો પોતાની માલિકીની છે કે ભાગીદારીમાં, તે ટેન્ડર ફ્રોમ સાથે સ્પષ્ટ જણાવવું જરૂરી છે. જો ભાગીદારીમાં હોય તો ભાગીદારી કરારની નકલ ટેન્ડર ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

૨. ટેન્ડર ફોર્મમાં માગેલ માહિતી ચેક-ચાક  વગર સ્પષ્ટ ભરવાની રહેશે. અધૂરી વિગત વાળું તેમજ આપના તરફથી ઉમેરલ શરતી ટેન્ડર રદ ગણાશે .

૩. આપના તરફથી  ટેન્ડરમાં ભરવામાં આવેલ માહિતી  પાછળથી ખોટી હોવાનું  જણાશે, તો ટેન્ડર નામંજૂર થવાની ડીપોઝીટની રકમ જપ્ત થવાને પાત્ર ગણાશે.

૩. આ સાથે સામેલ કોન્ટ્રાક્ટની શરતો સંપૂર્ણ વાંચી સમજી ટેન્ડર સાથે ભરી સહી કરીને સામેલ કરવાનું રહેશે.

૪. એક માલિક/કંપની સેન્ટર દીઠ એક જ ટેન્ડર ફોર્મ ભરી શકશે.

૫. ૨૦૨૬ ના મોડેલમાં નવીન બોલેરો ખરીદવાનું હોય તો **Performa Invoice** ફરજીયાત જોડવાનું રહેશે. તેમજ ૦૧.૦૪.૨૦૨૬ કામગીરીમાં ફરજીયાત બોલેરો મુકવાની રહેશે.



DUDHSAGAR DAIRY MEHSANA — MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

# ટ્રાન્સપોર્ટ કોન્ટ્રકટની શરતો તથા શીડ્યુલ

આ શરતો "પશુ સ્વાસ્થ્ય વિભાગ સંલગ્ન પશુ સ્વાસ્થ્ય કેન્દ્રો કડી , પામોલ માટે **૨૦૨૫ ના મોડેલ** બોલેરો ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટની શરતો" તરીકે ઓળખાશે. જ્યાં-જ્યાં "સંઘ" શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે ત્યાં-ત્યાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., તે. મેનેજીંગ ડિરેક્ટરશ્રી' એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મહેસાણાના 'ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી', 'ચેરમેનશ્રી' એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણાના ચેરમેનશ્રી અને 'કંપની/કોન્ટ્રાક્ટશ્રી' એટલે કોન્ટ્રાક્ટમાં મુકેલા વાહનના માલિક કે કંપની એમ સમજવાનું રહેશે.

## (એ) કોન્ટ્રાક્ટ અને કોન્ટ્રાક્ટર બાબત

1. **તા. ૦૧ એપ્રિલ - ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૯** સુધી અમલમાં રહેશે, પરંતુ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન સંઘને કોન્ટ્રાક્ટરના કામથી અસંતોષ હશે તો સંઘ કોઈ પણ સમયે, વગર નોટીસે, તાત્કાલિક અસરથી આ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે. સંજોગોવસાત સંઘ સંચાલિત પશુ સારવાર કેન્દ્ર / પ્રોજેક્ટ બંધ થવાથી ત્યાં મંજુર થયેલ વાહનની ડીપોઝીટ પરત કરી વાહનનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે. વધુમાં, સદર કોન્ટ્રાક્ટ પૈકી જે તે કામગીરી માટે મંજુર થયેલ વાહનનો ઉપયોગ જરૂર પડ્યે સંઘ અન્ય કામગીરી માટે પણ કરી શકશે.
2. એકજ કંપની કે વ્યક્તિના નામે એક જ સેન્ટર કે પ્રોજેક્ટમાં એકથી વધારે ટેન્ડર ભરી શકાશે નહી.
3. ટેન્ડરને કરારનો એક ભાગ સમજવાનો છે.
4. સંઘે જણાવેલ કરાર નામા માટેની શરતો સિવાયની વધારાની શરતો મુકીને જો કોઈ ટેન્ડર ભરાયું હશે તો તે ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહી.

CO-OPERATIVE MILK PRODUCERS DUDHSAGAR DAIRY MEHSANA



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

5. સંતોષકારક કામગીરી ના આપી હોય તેવા જુના કોન્ટ્રાક્ટર અથવા તેમના સગા કે ભાગીદાર વેટરીનરી કોન્ટ્રાક્ટમાં સંઘ સાથે પ્રત્યક્ષ ય પરોક્ષ્ રીતે જોડાઈ શકશે નહી. જો ટેન્ડર મંજુર થયા બાદ ઉપરની હકીકતની જાણ થશે તો સદર કોન્ટ્રાક્ટ રદ કરીને કોન્ટ્રાક્ટ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

6. કોન્ટ્રાક્ટરે ભાગીદારી પેઢી કે કંપનીના નામે ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર ભરતી વખતે પેઢીના ભાગીદારોનું રજીસ્ટર્ડ ખત રજુ કરવું પડશે અને કોન્ટ્રાક્ટના સ્ટેમ્પ એગ્રીમેન્ટ ઉપર પેઢી કે કંપની વતી કાગળો,ખત, ચેકો વગેરે ઉપર સહી-સિક્કા કરવાનો જે વ્યક્તિને અધિકાર આપેલો હશે તે જ વ્યક્તિની સહી ચાલશે. વ્યક્તિગત નામે ટેન્ડર ભર્યું હશે તો તે વ્યક્તિની સહી ચાલશે.

7. સંઘ સાથે થયેલ કોન્ટ્રાક્ટનો સમય પુરો થતા કોન્ટ્રાક્ટની મુદત વધારાના એક વર્ષ સુધી ચાલુ ભાડા અને શરતોથી લંબાવવાનો સંઘને અબાધિત અધિકાર રહેશે, જે કોન્ટ્રાક્ટરે માન્ય રાખવાનો રહેશે. જો આ શરતનો ભંગ થશે તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

8. ટેન્ડર મંજુર થયા પછી અમલ કરવામાં શિસ્ત ભંગ થાય અને સંઘને જો કોઈ નુકશાની થાય તો તે કોન્ટ્રાક્ટરે ભરપાઈ કરવાની રહેશે. આ અંગે કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન ગમે ત્યારે કોન્ટ્રાક્ટ રદ કરી, બીજી પાર્ટીને નવો કોન્ટ્રાક્ટ આપવાનો સંઘને અધિકાર રહેશે.

**(બી) વાહનની વિગત:**

1. ૨૦૨૫ કે તે પછીની ફરજીયાત ટેક્ષી પાસિંગ કરેલી સસ્પેન્સરવાળી એસી બોલેરો (ફાઈબર/સ્ટીલ બંધ બોડીની) ડીઝલ ગાડી હોવી જરૂરી છે. સમયસર ટેક્ષી પાસિંગ રીન્યુ કરાવવાનું રહેશે. જો આમાં કસુર થશે તો કોન્ટ્રાક્ટ રદ કરી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

2. ટેન્ડરના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાક્ટમાં મુકેલ ગાડીનો ટેક્ષી વિમાની પેકેજ પોલીસી (ફૂલ વિમો) ફરજીયાત લેવાનો રહેશે. અને તેની કોપી જેતે સેન્ટર ઉપર ફરજીયાત જમા કરાવવાની રહેશે.

3. બોલેરોમાં ડ્રાઈવરની બાજુમાં ઓફિસર તથા પાછળ સંઘના ઓફિસર-કર્મચારી તથા પશુપાલક વગેરે ( ૪ થી ૬ વ્યક્તિ) માટે ડનલોપની કવર સાથેની સીટ હોવી ફરજીયાત છે.



DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

4. બોલેરોમાં પાછળના ભાગે દવાની પેટીઓ વગેરે મુકવાની વ્યવસ્થા અને તેની સલામતી માટે બે સેફ્ટી બેલ્ટ સાથેની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે. અકસ્માત સમયે બેલ્ટ સિવાય બેકાળજીથી દવાઓની પેટીઓ બહાર પડી જાય તો દવાઓ/સાધનોનું જે કઈ નુકશાન થશે તે કોન્ટ્રાક્ટરના બિલમાંથી કપાત કરવામાં આવશે.

5. વાહન સેલ્ફ સ્ટાર્ટ, બંને બાજુએ વાઈપર્સ અને કેબીનમાં લાઈટની વ્યવસ્થાવાળું હોવું જોઈએ. વાહનમાં આગળ તેમજ પાછળ પગ મુકવાની જગ્યાએ રબ્બર મેટિંગ હોવું જરૂરી છે.વાહનની પાછળની લોડીંગવાળી જગ્યાએ એક ઇંચનું જાડું રબ્બર મેટિંગ આખી જગ્યા કવર થાય તે રીતે પાથરવાનું રહેશે. આગળની બાજુએ વેટરનરી ઓફિસરને નેપકીન મુકવા માટે હેન્ડલબાર રાખવાના રહેશે.

6. સ્પેર વ્હીલ ગાડીની પાછળ અથવા અન્ય જગ્યાએ મુકવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં બોલેરોની અંદર સ્પેર વ્હીલ મુકવા દેવામાં આવશે નહી.

7. મંજુર થયેલ વાહન આગળના વિન્ડ ગ્લાસ નીચેની પટ્ટી ઉપર <u>**"ફરતું પશુ દવાખાનું, દૂધસાગર ડેરી,.............સેન્ટર"**</u>/જે તે વિભાગ કે પ્રોજેક્ટનું નામ તથા બંને સાઈડમાં તેમજ પાછળની સાઈડમાં ૯" ની વાદળી ચોકડી તથા સંઘની સુચના પ્રમાણેનું જાહેર હિતનું એક સુત્ર ઓઈલ પેઈન્ટથી લખવામાં આવશે. જેનો ખર્ચ કોન્ટ્રાકટરના બિલમાંથી કપાત કરવામાં આવશે.

8. વાહનની કન્ડીશન બાબતે તેમાં પ્રવાસ કરનાર ઓફિસર કે સેન્ટર ઇન્ચાર્જનો અભિપ્રાય અંતિમ ગણાશે. તેમની સુચના મુજબ કોન્ટ્રાક્ટરને વખતોવખત (જયારે-જયારે) તેમનું વાહન રીપેર કરાવવાનું જણાવવામાં આવે ત્યારે-ત્યારે રીપેરીંગ કરાવવાનું રહેશે. કામ બરાબર થયું છે કે કેમ? તેની ચકાસણી જે-તે વાહનમાં જતા વેટરનરી ઓફિસર તથા મુખ્ય વેટરનરી ઓફિસર કરશે.

<u>**(સી) ટેન્ડરમાં ભાવ, પેમેન્ટ, ડીપોઝીટ, ટ્રાન્સફર વગેરે બાબતે :**</u>

1. દરેક વાહન દીઠ, સંઘના જાહેરનામામાં જણાવેલ વિગત મુજબ પ્રતિ કિલોમીટર દીઠ વાહન ફેરવવાના ભાવ ચેક –ચાક સિવાય ભરવાના રહેશે. ભાવમાં ચેક – ચાક થયેલ ટેન્ડર રદબાતલ ગણાશે.



DUDHSAGAR DAIRY MEHSANA

**ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા**

2. સંઘ તરફથી જે પાર્ટીને જે તે કેન્દ્ર માટે બોલેરોનો કોન્ટ્રાક્ટ ફાળવતા દરેક ગાડી (બોલેરો) દીઠ રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા) ટેન્ડર ડીપોઝીટ પેટે જમા કરવાના થશે જેમાં ટેન્ડર સાથે ટેન્ડર ઈ.એમ.ડી. પેટે આવેલ રૂપિયા ૨૫૦૦૦ નો " મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા" ના નામનો ડીમાંડ ડ્રાફ્ટ ટેન્ડર ડીપોઝીટ પેટે સંઘમાં જમા લેવામાં આવશે તેમજ બાકી રૂપિયા ૨૫૦૦૦ ડીપોઝીટની રકમ ૧૨૫૦૦ /- ના બે હપ્તે આપના બિલમાંથી કપાત કરવામાં આવશે. સદર ડીપોઝીટના નાણા ઉપર કોઈ વ્યાજ સંઘ ચુકવશે નહી. જો ટેન્ડર નામંજૂર થયેલ હશે તો નામંજૂર થયાની જાણ કર્યા બાદ ૧૫ દિવસમાં રૂ. ૨૫,૦૦૦/- ટેન્ડર ઈ.એમ.ડી નો આપનો ડીમાંડ ડ્રાફ્ટ આપને પરત કરવામાં આવશે.

3. સદર કોન્ટ્રાક્ટમાં વાહન મુક્યા પછી કોન્ટ્રાક્ટ સમય પુરો થાય તે પહેલાં કોઈપણ વાહન છુટુ કરવામાં આવશે તો જે – તે કોન્ટ્રાક્ટર/ કંપનીની કુલ બધીજ ડીપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવામાં આવશે.

4. ખાસ સંજોગોમાં નિયુક્ત કોન્ટ્રાકટરની ટ્રાન્સફર અંગેની માંગણી આવેથી મંજુર થયેલ વાહન જેવું જ (એ.સી. અને સસ્પેન્સર વાળી બોલેરો ગાડી) મુકવામાં આવનાર વાહનનું મોડેલ મંજુર કરવામાં આવેલ વાહનના મોડેલ જેવુંજ કે તે પછીના સમયનું હોય તો અન્ય કોઈ પણ શરતોમાં ફેરફાર કર્યા વિના સંઘની મુનસફીએ / માલિકનું નામ ડીપોઝીટની રકમ વગેરે ટ્રાન્સફર ફી રૂ. ૧૦૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) + જિ.એસ.ટી લઈને કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર કરવામાં આવશે .

5. વાહનના ભાડાનું પ્રથમ પખવાડિક બીલ દર માસની ૧૯મી તારીખ સુધીમાં અને બીજા પખવાડિયાનું બીલ તે પછીના માસની ૦૪થી તારીખ સુધીમાં, કોન્ટ્રાક્ટરશ્રી/કંપનીના છાપેલ લેટરપેડ(પાન નંબર સહિત)ઉપર, સંઘ દ્વારા કોન્ટ્રાક્ટર વાહન માટે નક્કી કરેલ લોગબુકની એન્ટ્રીની નકલો જોડીને સંઘના સબંધિત વિભાગમાં રજુ કરવાનું રહેશે. જે-તે બીલના નાણાંની જે-તે કોન્ટ્રાક્ટરના રાષ્ટ્રીયકૃત બેંકના ખાતામાં સંઘ દ્વારા સામન્ય રીતે ઓનલાઈન પેમેન્ટથી ચુકવણી કરવામાં આવશે. લેટ મુકવામાં આવેલ બીલના નાણાંની ચુકવણી તે પછીના પખવાડિક બીલ સાથે કરવામાં આવશે.



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

1. કિલોમીટર ની દૈનિક નોધ રાખવા માટે કોન્ટ્રાક્ટરે સંઘ ની છાપેલ લોગબૂક રાખવાની રહેશે. કામગીરી પૂરી થયેથી ઉપયોગ કરનાર અધિકારીની સહી થયા પછી લોગબુક માન્ય રાખવામાં આવશે.

2. કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહન ડીઝલનું જ હોવું જોઈએ. ડીઝલના ભાવમાં થતા વખતો વખત વધારા/ઘટાડા માટે, લિટર દીઠ ૧૫ કિ.મી. ની એવરેજને ગણતરીમાં લઇ, થયેલ ભાવ વધ/ઘટ પ્રમાણેની રકમ, વધ-ઘટ થયાની તારીખથી ૧લી કે ૧૬મી તારીખથી ભાવ વધારા/ઘટાડા પેટે એક રૂપિયો અથવા તેનાથી વધુ વધારો/ઘટાડો થશે તો સામુહિક અસરથી આપવામાં/કાપવામાં આવશે. ડીઝલમાં થતા વખતોવખત વધારાની અસરથી વાહનના ભાવ (ભાડા)માં જેમ વધારો થાય છે તે પ્રમાણે, ડીઝલમાં થતા વખતોવખત ઘટાડાની અસરથી વાહનના ભાવ(ભાડામાં),મંજુર થયેલ ભાવ કરતાં પણ ઘટી શકે છે.

**<u>(ડી) કામની શરતો, રજાઓ, દંડ તથા નુકશાનીની વસુલાત અંગે :</u>**

1. કોન્ટ્રાક્ટમાં મુકવામાં આવેલ વાહનને સંઘના જે-તે વિભાગના અધિકારીની અનુકૂળતાએ પખવાડીક રજા આપવામાં આવશે. વર્ષમાં એક વખત મેજર રીપેરીંગ કે અકસ્માતના રીપેરીંગ સારૂ વધુમાં વધુ ૪ દિવસની સળંગ રજા આપવામાં આવશે. નવ માસ કે તેનાથી ઓછા સમય માટે કોન્ટ્રાક્ટમાં મુકવામાં આવેલ વાહનને મેજર રીપેરીંગ કે અકસ્માતની રજાઓ મળશે નહી, પરંતુ જો બદલામાં બીજી આર.ટી.ઓ. અધિકૃત વાહનની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરશ્રી કરશે તો સંઘની મુનસફીએ રજા આપી શકાશે.
2. કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહનના રેગ્યુલર રીપેરીંગ સર્વિસ વગેરે માટે સેન્ટરના ઇન્ચાર્જ ઓફિસરની આગોતરી મંજૂરી લેવાની રહેશે.
3. કોન્ટ્રાક્ટ માં હાજર કર્યા પછી પરવાનગી સિવાય વાહન બહાર લઇ જઈ શકશે નહી. સંઘના જે તે સેન્ટરના અધિકારી ની લેખિત પરવાનગી થી કોઈપણ સમય અથવા રાત્રી દરમ્યાન જો વાહન બહાર લઇ જવામાં આવેલ હશે તો સંઘ , શીતકેન્દ્ર તથા કેન્દ્રોની ઓફીસે ૭.૦૦ કલાકે અથવા સંઘ તરફથી સુચના મળે તે સમયે કોન્ટ્રાક્ટરે વાહન હાજર કરવાનું રહેશે.



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

DUDHSAGAR DAIRY MEHSANA
MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD.

4. વાહનમાં કેટલફીડ ફેક્ટરી થી સાગરદાણ, મીનરલ મિક્ષ્ચર, કૃમિ/ગળીયાની દવાઓ અને નાઇટ્રોજન કન્ટેનર વગેરે માલસામાન ઇન્ચાર્જશ્રી સુચના મુજબ લાવવા/લઇ જવાનો રહેશે. વેટરનરી કોન્ટ્રાક્ટ ની કામગીરી એટલે પશુ સારવાર માટે વિઝીટ, પેપ પ્રોગ્રામ ઓફીસ-કામ, વહીવટી કામ, મીલ્કો ટેસ્ટર, સાગર/હાઈપ્રો/પુરકદાણ, ક્રોસબીડીંગ, વિસ્તરણ, દૂધ પ્રાપ્તિ, ફોદર,વેટરનરી દવાઓનું વિતરણ અને હેરફેરની કામગીરી અને સંઘને સબંધિત એવી અન્ય કોઈપણ કામગીરી સમજવાની રહેશે તથા અન્ય સેન્ટરની વિઝિટ પણ હાથ ધરવી પડશે.

5. સેન્ટર ઇન્ચાર્જની લેખિત પરવાનગી વિના કોઈપણ કારણસર જો વાહન સામન્ય દિવસમાં ગેરહાજર રહેશે તો દૈનિક રૂ.૨૫૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસો પુરા) અને સંઘ દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેર રજાના દિવસ ગાડી ગેરહાજર રહેશે તો દંડની રકમ રૂ.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પ્રમાણે દંડ વસુલ કરવામાં આવશે, તે ઉપરાંત, સંઘ તરફથી બીજા વાહનની વ્યવસ્થા કરાયેલ હશે તો તેવા વાહનનો થયેલ તમામ વધારાનો ખર્ચ કોન્ટ્રાક્ટરશ્રી પાસેથી વસુલ લેવામાં આવશે. ડ્રાઈવરની ગેરહાજરી ગાડીની ગેરહાજરીજ ગણાશે.

6. સેન્ટર ઇન્ચાર્જ અનુકુળતા મુજબ દરરોજ એક કલાક માટે અથવા સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધીના સમય દરમ્યાન વાહનને ઓઈલ, ડીઝલ, પાણી વિગેરે માટે છૂટછાટ આપશે. પરંતુ સેન્ટરના નિર્ધારિત સમયમાં ડ્રાઈવર સાથે ગાડી હાજર કરવાની રહેશે. જો તેમાં ગાડી લેટ આવશે તો પંદર મીનીટ સુધી રૂ.૨૦૦/-, ૧૫ મિનિટથી બે કલાક સુધી લેટ આવશે તો રૂ.૫૦૦/- દંડ કરી તે દિવસે કામમાં લેવામાં આવશે. બે કલાક થી વધારે લેટ આવનારી ગાડી માટે સંઘ ની જરૂરત હશે તો રૂ.૧૦૦૦/-દંડ લઈને ઉપયોગ કરવામાં આવશે. અન્યથા પુરા દિવસ માટે ગેરહાજર ગણીને ઉપરના નિયમ નં. ડી-૫ મુજબ દંડ અને સંઘ ને થયેલ વધારાનો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

7. એક વાર કામ ઉપર નીકળેલ ગાડી કોઈપણ કારણોસર બ્રેકડાઉન ન થાય (ટ્રીપ પૂરી કરી શકે) તેવા સમયે કોન્ટ્રક્ટરને વૈકલ્પીક વ્યવસ્થા કરવા માટે સેન્ટર ઇન્ચાર્જ યોગ્ય લાગે તે પણ ઓછામાં ઓછો એક કલાકનો સમય આપશે. આ સમય દરમ્યાન કોન્ટ્રાક્ટર કામ માટે સમાન કેટેગરીના વૈકલ્પીક વાહનની વ્યવસ્થા નહી કરે તો સંઘ દ્વારા રૂ.૧૦૦૦/-દંડ કરવામાં આવશે તથા સંઘ દ્વારા કરવામાં આવેલ વૈકલ્પીક વ્યવસ્થા નો તમામ વધારાનો ખર્ચ કોન્ટ્રાક્ટરના બીલમાંથી વસુલ કરવામાં આવશે.



MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

8. સંઘની જરૂરિયાત પ્રમાણે જે-તે કેન્દ્રના કાર્યક્ષેત્રનાં ગામોમાં નવીન ગામો દાખલ કરી શકાશે અને તે જ પ્રમાણે વધારાનાં ગામો રદ પણ કરી શકાશે તેમજ કામગીરીનું પ્રમાણ જોઈને વધારાનું વાહન માર્યાદિત સમય માટે અથવા કોન્ટ્રાક્ટથી ટેન્ડરના સંપૂર્ણ ગાળા માટે પણ લેવાનો સંઘને અબાધિત અધિકારી રહેશે.

9. સંઘ નું કામ ૩૬૫ દિવસ અને ૨૪ કલાકનું હોવાથી કાયદાકીય જરૂરીયાતો મુજબ અધિકૃત અને સક્ષમ ડ્રાઈવરની વ્યવસ્થા કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહેશે, તે બાબતે સંઘની કોઈ જવાબદારી ગણાશે નહી.

10. વાહન સંઘ-ડેરી કે સંઘ નાં કોઈ પણ કેન્દ્ર ઉપરથી બહાર જાય ત્યારે વાહનમાંથી કીટ અને ખાલી બોટલો, વસ્તુઓ, સાધનો વગેરે સંપૂર્ણ ખાલી કરીને બહાર જવાનું રહેશે. આમ છતાં, સંઘની કોઈપણ વસ્તુ વાહનમાંથી ગેટ ઉપર અથવા સંઘનાં કર્મચારી દ્વારા પકડાશે તો તે બાબત ને ચોરી ગણી ને શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. જેમાં જે તે વસ્તુ ની થતી કિંમત કરતાં ૧૦ ઘણો દંડ વસુલ કરવામાં આવશે.

11. વિઝીટમાં જતી વખતે ગામોમાં નિયત રસ્તા સિવાય બીજા માર્ગે લઇ જવાની મંજૂરી મળશે નહી. તેમ છતાં જો વાહન ઈતર રસ્તેથી લઇને ગયાનું માલુમ પડશે તો આવા બિનઅધિકૃત ફેરેના ના કિ.મી. કપાત કરવામાં આવશે. ઉપરાંત રૂ.૫૦૦/-દંડ કરવામાં આવશે.

12. સંઘની જરૂરિયાત મુજબ કોઈપણ કેન્દ્ર ઉપરથી જરૂરિયાતે વાહનની માગણી આવતા, અન્ય કેન્દ્ર ઉપરથી કોઈપણ કોન્ટ્રાક્ટરને તે સેન્ટર ખાતે, સંઘને જરૂર હોય તેટલા સમય માટે મોકલી શકાશે. આ રીતે મોકલેલ કોન્ટ્રાક્ટરને સુચવેલ કેન્દ્ર સુધી એક વખત જવા અને એક વખત પરત આવવાના કિ.મી.નું ભાડુ અને કિ.મી.નો દર તેમના ચાલુ ભાવ પ્રમાણે આપવામાં આવશે. પરત થતા સમયે ઇન્ચાર્જ ઓફિસરનો લેખિત પરવાનગી પત્ર મેળવી, બીલ સાથે સામેલ રાખવાનો રહેશે. પરંતુ જો વાહન જરૂરિયાત પહેલાં પરત જશે તો તેના જવા-આવવાના કિ.મી.નું ભાડુ ચુકવવામાં આવશે નહી અને તે ઉપરાંત રૂ.૧૦૦૦/- દંડ તરીકે વસુલ લેવામાં આવશે.

13. વાહનમાં કિલોમીટરની નોંધ માટે સ્પીડોમીટર ચાલુ ન હોય ત્યાં સંઘ નક્કી કરે તે કિ.મી. સ્વીકારવાના રહેશે. સ્પીડોમીટર બે દિવસથી વધુ બંધ રહેશે અને રીપેર કરવામાં નહી આવે તો જે તારીખથી બંધ હશે તે તારીખથી દૈનિક રૂ.૫૦૦/-દંડ વસુલ કરવામાં આવશે. સબંધીત અધિકારી વખતોવખત સ્પીડોમીટર ચેક કરશે અને જો કોઈ ખામી દેખાશે તો વધુ વપરાયેલ



MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

અંતરના તફાવતની રકમ કોન્ટ્રાક્ટરના બિલમાંથી વસુલ લેવા અને કોન્ટ્રાક્ટર ડીપોઝીટ જપ્ત કરી, કોન્ટ્રાક્ટ રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલાં લેવા સંઘ હક્કદાર રહેશે.

**14.** કોન્ટ્રાક્ટરે/કંપની વાહન ઉપર મુકેલ ડ્રાઈવરે સંઘનાં અધિકારીઓ સાથે સંઘ, કેન્દ્રો, વિઝીટ કામકાજના સ્થળે કે રસ્તામાં વિવેકથી વર્તવાનું રહેશે. પાન, બીડી, ગુટખા, તમાકુ, જેવા વ્યસનોનું સેવન કરી સંઘમાં, મંડળીમાં કે કેન્દ્રો ઉપર ગંદકી, ગેરવર્તણૂક કરવામાં આવશે તો પ્રથમવાર રૂ.૫૦૦/- અને પછી પ્રત્યેક સમયે રૂ.૧૦૦૦/-દંડ કરવામાં આવશે. ડ્રાઈવર દ્વારા મદિરાપાન કરી વાહન ચલાવી શકશે નહી. આ પરિસ્થિતિમાં વાહનને પરવાનગી વિના ગેરહાજર રહેલ ગણવામાં આવશે અને નિયમ ડી-૫ મુજબ દંડ વસુલ કરવામાં આવશે. તથા આવા ડ્રાઈવરને કોન્ટ્રાક્ટર તાત્કાલિક છુટો કરવો પડશે. અન્યથા જેમા ડીપોઝીટ જપ્ત કરીને કોન્ટ્રાક્ટ રદ કરવાનો સંઘને અબાધિત અધિકાર રહેશે.

15. કોન્ટ્રાક્ટર/કંપની કે તેમના ડ્રાઈવર દ્વારા ચોરી, ગેરવર્તણૂક, શરતોનું વારંવાર ઉલ્લંઘન, આપવામાં આવેલ સૂચનાઓનું અમલ ન કરવાથી ડીપોઝીટની પુરેપુરી જમા રકમ જપ્ત કરી કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે.

**(ઈ) સામાન્ય બાબતો અને શરતો :**

1. જે-તે કેન્દ્ર ઉપરથી આવતી વિઝીટ તે જ કેન્દ્ર ઉપરથી કરવી ફરજિયાત નથી. સંઘને યોગ્ય લાગે તે રીતે અન્ય કેન્દ્ર ઉપરથી વિઝીટ કરાવી શકશે. આ માટે કોઈપણ કોન્ટ્રાક્ટર વિઝીટ કામકાજ માટે વાહન લઇ જવાનો હક્ક-દાવો રજુ કરી શકશે નહી.
2. વાહનમાં ડ્રાઈવર સિવાય ડોક્ટર, એટેન્ડન્ટ ઉપરાંત ત્રણ વ્યક્તિઓને જરૂર પડે ત્યારે લઇ જવાના રહેશે. પરંતુ ફાલતુ માણસ કે અંગત માલસામાન સંઘની પરવાનગી સિવાય લઇ જઈ શકાશે નહી.
3. વાહન ઉપર મુકેલ ડ્રાઈવરને રસ્તામાંથી બદલી શકશે નહી, પરંતુ અસાધારણ સંજોગોમાં ડોક્ટરશ્રીની સંમતીથી આર.ટી.ઓ માન્ય ટેક્ષી/મેક્ષી/કેબ કે બેજ લાયસન્સવાળા ડ્રાઈવરને જ મુકવાનો રહેશે. આ બાબતનો અમલ ન થાય ત્યાં સુધી વાહનનો ઉપયોગ કરવામાં આવશે નહી અને નિયમ ડી-૫ મુજબ દંડ કરવામાં આવશે.



MEHSANA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

4. સંઘે કોન્ટ્રાકટર/કંપનીને લખેલ ટપાલ વાહનના ડ્રાઈવરને સહી લઈને આપવામાં આવશે, જે કોન્ટ્રાક્ટર/કંપનીને મળ્યા બરોબર ગણાશે. ઉપરાંત કીટ,દવાઓ,કન્ટેનર,સ્ટેશનરી,સાધન વિગેરે ઉતારવા/ચઢાવવા માટે વાહનના ડ્રાઈવરે ફરજીયાત મદદ કરવાની રહેશે.

5. કોન્ટ્રાક્ટર/કંપનીનું વાહન રજા, અકસ્માત કે બ્રેકડાઉન હશે ત્યારે તેની બદલીમાં મુકેલ વાહનને અકસ્માત નડશે તો તેના લીધે સંઘના કર્મચારીઓને, દવાઓ કે સાધનોને નુકશાન થશે તો તે સબંધિત કોન્ટ્રાક્ટરે ભરપાઈ કરવાનું રહેશે.

6. સંઘે કોન્ટ્રાક્ટર/કંપનીને લખેલ ટપાલ વાહનના ડ્રાઈવરને સહી લઈને આપવામાં આવશે, જે કોન્ટ્રાક્ટર/કંપનીને મળ્યા બરોબર ગણાશે. ઉપરાંત કીટ,દવાઓ,કન્ટેનર,સ્ટેશનરી,સાધન વિગેરે ઉતારવા/ચઢાવવા માટે વાહનના ડ્રાઈવરે ફરજીયાત મદદ કરવાની રહેશે.

7. આ ટેન્ડરની તમામ શરતોનો તેમજ આ શરતોમાં જણવ્યા સિવાયની પણ સંઘ તરફથી વખતોવખત જે કોઈ સૂચનાઓ-આદેશો આપવામાં આવે તેનો કોન્ટ્રાક્ટરે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઈપણ સંજોગોમાં શરતો, સુચનો, આદેશોનો કોઈપણ ભંગ કરવામાં આવશે તો સંઘના મેનેજિંગ ડીરેકટરશ્રી નક્કી કરે તેટલી રકમનો દંડ વસુલ કરવામાં આવશે અથવા બીજાં કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તે કોન્ટ્રાક્ટરને કબુલ-મંજુર રાખવાં પડશે.

<u>(એફ) કાયદાકીય બાબત</u>

1. સંજોગોવસાત, કોન્ટ્રાક્ટમાં મુકેલા વાહનને અકસ્માત નડે તો તેની જાણ વીમા કંપનીને કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટર/કંપનીની રહેશે. ઉપરાંત ઈજા પામનાર કર્મચારીઓના વિમાની અને વાહનમાં સંઘની દવાઓ, સારવારના સાધનો તેમજ એ.આઈ.કન્ટેનર વિગેરેને નુકશાન થશે તો આપવા પાત્ર કાયદેસરના વળતરની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સંઘને શીરે કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

2. આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ કામદાર, ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર વિગેરેની નિમણુંક સરકારશ્રીના ધારા – ધોરણ મુજબ કરવાની રહેશે, તેમજ તેમને ચુકવવામાં આવતા વેતન તથા હક્ક – હિસ્સાની સંપૂર્ણ જવાબદારી ઇજારદાર(કોન્ટ્રાક્ટર) તરીકે આપની રહેશે.

CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. MEHSANA DISTRICT
DUDHSAGAR DAIRY MEHSANA



ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

3. સદર કામગીરી સાથે સંકળાયેલ આપના ટ્રક ડ્રાઈવરના અકસ્માત, બીમારી, વીમાની તમામ જવાબદારી આપની રહેશે. સંઘની કોઇજ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

4. આપના વાહન ઉપર રોકાયેલ ડ્રાઈવરનો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, વિગેરેની લેબર કોન્ટ્રાક્ટના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટર તરીકે આપ કોઈપણ કારણોસર/સંજોગોવસાત ભરવામાં નિષ્ફળ જશો તો આપના બીલમાંથી અથવા ડીપોઝીટમાંથી તેટલી રકમ કપાત કરી કાયદેસર રીતે સંઘ સરકારી ખાતામાં ભરી શકશે., અને આ બાબતમાં આપ (કોન્ટ્રાક્ટર) કોઈપણ જાતનો

વાંધો લઇ શકશો નહિ, તેમજ આપના કોન્ટ્રાક્ટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

5. કોન્ટ્રાક્ટરે/કંપનીએ પોતાના વાહન ઉપર રોકેલ કર્મચારીઓ માટે મજુરોના હિત માટેના સરકારી કાયદાઓ અન્વયે કોઇપણ જવાબદારી ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ જવાબદરી કોન્ટ્રાક્ટરે અદા કરવાની રહેશે.

6. કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહનથી કે આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ માણસો (ક્લીનર/ ડ્રાઈવર) થી સંઘની મિલ્કત કે અન્ય કોઈના જાન કે માલને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી આપની આવા સંજોગોમાં જો કોઈ .રહેશે (ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની) ફોજદારી કે દીવાની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ

7. કોન્ટ્રાકટ જેના નામે વાહનો મંજુર થયા હોય તેના આર.ટી.ઓ અધિકૃત સાધનિક કાગળોની સંઘ જયારે માંગણી કરે ત્યારે રજૂ કરવાના રહેશે અને તેમાં જો કોઈ ફેરફાર જણાશે તો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે.કરારખત ઉપર ખોટી સહી કરનાર કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ સાચી હકીકતની જાણ થતા રદ કરી, ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

DUDHSAGAR DAIRY MEHSANA

ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા

8. કોન્ટ્રાક્ટ મંજુર કરવામાં આવેથી સંબંધિત કોન્ટ્રાક્ટરે/કંપનીએ સંઘ તરફથી જણાવવામાં આવેલ સમયમર્યાદામાં અને સરકારના ધારાધોરણ મુજબ રૂ. ૩૦૦/- નાં કરારલેખ ઉપર સહી કરવા બે જમીનદાર સાથે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.સદર ખર્ચની રકમ કોન્ટ્રાક્ટરે/કંપનીએ ભોગવવાની રહેશે.સમયમર્યાદામાં કરાર કરવામાં નીષ્ફળ જતા જે-તે કોન્ટ્રાક્ટર/કંપનીની ડીપોઝીટની રકમ જપ્ત લઇ, બીજા વ્યક્તિ કે કંપનીને કોન્ટ્રાક્ટ આપવાનો અધિકાર સંઘને રહેશે.
9. સંઘ આઈ.એસ.ઓ ૧૪૦૦૧ ની કાર્યપદ્ધતિનો અમલ કરતી હોઈ, ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાક્ટરે/કંપનીએ તેમના વાહનનું અધિકૃત એજન્સી પાસેથી પી.યુ.સી સર્ટિફિકેટ મેળવી રજૂ કરવાનું રહેશે. અને દર ૬ માસે રીન્યુ કરેલ સર્ટીફીકેટ જે તે કેન્દ્ર ખાતે આપવાનું રહેશે.વખતોવખત આવું સર્ટીફીકેટ રજુ કરવામાં નહી આવે ત્યાં સુધી ફેરણાનું બીલ અટકાવવામાં આવશે.
10. સંઘ આ કોન્ટ્રાક્ટ બાબતે કોન્ટ્રાક્ટરને સંઘ સાથે મતભેદ થશે તો આ બાબત અંગે સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.
11. કોન્ટ્રાક્ટ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થવાના પ્રસંગે ન્યાયનું કાર્યક્ષેત્ર મહેસાણા રહેશે.

ઉપરોક્ત તમામ શરતો-બાબતો મેં ધ્યાનપૂર્વક વાંચીને સમજેલ છે. અને તેનું આ કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમ્યાન પાલન કરવા હું કબુલ મંજુર છું.

.......................................................

**કોન્ટ્રાક્ટર/કંપનીના અધિકારીની સહી**

સ્થળ :...................... નામ:................................................................

તારીખ :.................... સરનામું:............................................................

મો.નં.:............................ ..........................................................

CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD. MEHSANA DISTRICT DUDHSAGAR DAIRY MEHSANA

**ટ્રાન્સપોર્ટરના સહી –સિક્કા**